**–:: <u>સ્પે. દિ. મુ.નં.:૨૨ /૨૦૧૮ ના કામે</u> <u>આંક: ૧૭ લગત હુકમ.</u> ::–**

સાંભળ્યા પ્રતિવાદીની હાલની અરજી તથા રેકર્ડ વંચાણે લીધા.

૧). આ કામે પ્રતિવાદી તરફે હાલની અરજી સી.પી.સી ઓર્ડર.૭ રુલ ૧૧ મુજબ વાદીઓના દાવાની હકીકીતો ઉપજાવી કાઢેલ હોય અને વાદીઓના દાવાને દાવો કરવાનુ કારણ ઉપસ્થિત થયેલ ન હોય દાવો રદ કરવા હાલની અરજી રજુ કરેલ છે જેનો વાદીઓ તરફે કોઈ લેખિત જવાબ રજુ કરેલ નથી.

૨). ત્યારબાદ આ કામે પ્રતિવાદી તરફે હાલની અરજી ની દલિલો માટે વારં વાર મુદતો આપી પુરતી તકો આપેલ હોવા છતા પ્રતિવાદી જાતે કે તેમના વકીલશ્રી હાજર રહેલ નથી જેથી તેમને સદર અરજી બાબતે કંઈ કહેવુ નહોય તેમ માની તેમની દલિલો નો હકક બંધ કરવામાં આવેલ છે જયારે વાદીના વકીલશ્રીએ દલિલ કરી જણાવેલ છે કે આ કામના પ્રતિવાદીએ હાલની અરજી સી.પી.સી.ઓર્ડર–૭ રૂલ ૧૧ મુજબ આપેલ છે પરંતુ રૂલ ૭ ના કયા કલોઝ હેઠળ આપેલ છે તે સ્પષ્ટ જોગવાઈઓ જણાવેલ નથી અને ગોળ ગોળ સી.પી.સી.ઓર્ડર–૭ રૂલ ૧૧ મુજબ દાવો કાઢી નાખવા અરજી કરેલ છે પરતુ સદર અરજી ઘ્યાને લેતા તેમા પ્રતિવાદીએ અમારા દાવાને કારણ ઉભુ થયેલ ન હોવાની હકીકતોએ હાલની અરજી દાવો રદ કરવા આપેલ છે પરતુ સી.પી.સી.ઓર્ડર–૭ રૂલ ૧૧ મુજબ ની જોગવાઈઓ જોતા તેમા દાવાનુ કારણ જણાવેલ નહોય તો દાવો રદ થઈ શકે તેમ જણાવેલ છે જેથી આ કામે અમોએ અમારા દાવાનુ કારણ જણાવેલ હોય જેથી જ પ્રતિવાદીની અરજી ટકી શકે તેમ નથી પ્રતિવાદીએ જે કારણો સર હાલની અરજી આપેલ છે તેવા કારણો સર સી.પી.સી.ઓર્ડર–૭ રૂલ ૧૧ મુજબ અમારો દાવો રદ થઈ કશે તેમ નથી અને પ્રતિવાદીએ હાલની અરજી એકમાત્ર દાવો લંબાવવા સારુ આપેલ હોય અરજી રદ કરવા અરજ કરેલ છે.

૩). આ કામે પ્રતિવાદીની હાલની અરજી તથા વાદીના દાવાની હકીકતો

વંચાણે લીધી તથા વાદીના વકીલશ્રીની રજુઆતો ધ્યાને લીધેલ છે.

૪). હાલની અરજી વંચાણે લેતા મુખ્યત્વે પ્રતીવાદી તરફે વાદીને તેમની સામે દાવો કરવાનુ કોઈ કારણ ઉપસ્થિત થયેલ નહોય સી.પી.સી.ઓર્ડર.૭ રુલ.૧૧ મુજબ દાવા અરજી રદ કરવા અરજી કરેલ નુ અરજીનું પ્લીડીંગ જોતાં સ્પષ્ટ થાય છે. જેથી પ્રતિવાદીએ રજુ કરેલ હાલની અરજી સંદર્ભે તથા દાવા અરજી વંચાણે લેતા તથા સી.પી.સી.ના પ્રબંધો ધ્યાને લેતા પ્રતિવાદી તરફે હાલની અરજી સી.પી.સી. ઓર્ડર :૭ રુલ:૧૧મુજબ આપેલ હોય હાલની અરજીના નિરાકરણ માટે કયા દસતાવેજો ધ્યાને લેવા જોઈએ તે માટે નામદાર સપ્રિમ કોર્ટનો P.V.Guru Raj Reddy Rep.By Gpa Laxminarayan Reddy Vs. P.Neeradha Reddy & Ors.Etc નો જે ચુકાદો રજુ કરેલ છે તે ધ્યાને લેતા તેમા નામદાર સુપ્રિમ કોર્ટે સદર ચુકાદાના પેરા.૫ અને ૬ મા જણાવેલ છે કે,

> 5...... Rejection of plaint under order-7 rule-11 of The CPC is a drastic power conferred in the court to terminate a civil action at the threshold. The conditions precedent to the exercise of power under order-7 rule-11, therefore , are stringent and have been consistently held to be so by the court. It is the averments in the plaint that has to be read as a whole to find out whether it discloses a cause of action or whether to suit is barred under any law. At the stage of exercise of power under order-7 rule-11, the stand of defendants in the written statement or in the application for rejection of the plaint is wholly immaterial. It is only if the averments in the plaint ex facie do not disclose a cause of action or on a reading thereof the suit appears to be barred under any law the plaint can be rejected. In all other situations , the claim will have to be adjudicated in the cours of the trial.
>
> 6....In the presant case , reading the plaint as a whole and procceding on the basis that the averments made therein are correct, which is what the Court is required to do, it cannot be said that the said pleading ex facie

disclose that the suit is barred by limitation or is barred under any other provision of law. The claim of the plaintiff with regard to the knowledge of the essential facts giving rise to the cause of action as pleaded will have to be accepted as correct. At the stage of consideration of the application under order-7 rule-11 the stand of the defendants in the written statement would be altogether irrelevant.

પ.) આમ,ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં નામદાર એપેક્ષ કોર્ટે જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે ધ્યાને લેતા તથા આ કામના પ્રતિવાદી એ જે કારણો સર હાલની અરજી રજુ કરેલ છે તે કારણો સર વાદીની દાવા અરજી રદ થઈ શકે કે કેમ? તે અન્વયેસી.પી.સી. ઓર્ડર.૭ રૂલ ૧૧ ની જોગવાઈઓ જોતા તે નીચે મુજબ છે.

**આદેશ ૭ નિયમ ૧૧ : દાવા અરજી ના મંજુર કરવી**

નીચેના પ્રસંગોએ દાવા અરજી ના મંજુર કરવી જોઈશે.

(એ) તેમાં દાવાનુ કારણ જણાવવામાં ન આવ્યુ હોય.

(બી) માંગેલી દાદની કિંમત ઓછી આંકી હોય અને કોર્ટ ઠરાવે તે મુદતમાં કિંમતનો આંકડો સુધારી આપ્યાનુ કહેવા છતા વાદી તેમ ન કરે.

(સી) માંગેલી દાદની કિંમત બરાબર આંકી હોય પણ ઓછા સ્ટેમ્પ મારેલા કાગળ ઉપર દાવા અરજી લખી હોય અને કોર્ટ ઠરાવે તે મુદતમાં સ્ટેમ્પવાળો કાગળ રજુ કરવાનુ કહયા છતા વાદી તેમ ન કરે–

(ડી) દાવા અરજીમાં લખેલ મજકુર ઉપરથી એમ જણાય કે કોઈ કાયદાથી દાવો ચલાવવાનો બાધ આવે છે.

(ઈ) જયારે તે ડુપ્લીકેટ(બે નકલ માં) કરવામાં ન આવે ત્યારે.

(એફ) નિયમ ૯ ની જોગવાઈઓ નુ પાલન કરવામાં વાદી નિષ્ફળ જાય.

૬). કાયદાની ઉપરોકત જોગવાઈઓ તથા નામદાર એપેક્ષ અદાલતનો ચુકાદા સાથે પ્રતિવાદીની હાલની અરજી મા જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતા આ કામે

પ્રતિવાદીઓ તરફે હાલની અરજીમા પ્રતિવાદી એ જે હકીકતો આધારે હાલની અરજી રજુ કરેલ છે તે પુરાવા નો વિષય છે અને વધુમા હાલના તબકકે આ અરજીનો નિર્ણય કરતા વાદીની માત્ર દાવા અરજીજ ધ્યાને લેવાની હોય છે પ્રતિવાદીનો જવાબ કે દસ્તાવેજો ધ્યાને લેવાના હોતા નથી જેથી તે સિધ્ધાત મુજબ આ કામે વાદીના દાવા અરજીની હકીકતો ધ્યાને લેતા વાદીના દાવાની હકીકતો ખોટી હોવાનુ કે તેમને દાવો કરવાનુ કોઈ કારણ ઉપસ્થિત થયેલ ન હોવાનુ હાલના તબકકે જણાઈ આવતુ નથી.તેમજ વધુમા આ કામે પ્રતિવાદી તરફે વાદીઓને દાવો કરવા માટે કોઈ કારણ ઉત્પનન થયેલ ન હોવાના કારણ સર દાવો રદ કરવા જે અરજ કરેલ છે તે અનુ સંધાને જોતા સામાન્ય રીતે ઓર્ડર ૭ રૂલ ૧૧ ની અરજી નિર્ણીત કરતી વખતે દાવા અરજીમાં જણાવેલ તમામ હકીકતોને ધ્યાને લેવાની હોય છે.Cause of action એ Bundle of Facts (હકીકતોનો સમુહ)છે અને હાલના કેસમાં પુરાવો લેવો અનીવાર્ય જણાય છે. પુરાવો લીધા વગર દાવા અરજી કાઢી નાખવી વધારે પડતો ઉતાવળીયો નિર્ણય ગણાશે તેવુ જણાય છે. હાલના તબક્કે નામદાર સુપ્રિમ કોર્ટના AIR 2007 supreme Court 1247 Prem lala Nahata v/s chandi prasad sikaria, જજમેન્ટમાં જણાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા It is held that rejection of plaint– Defect of misjoinder of parties and cause of action –Not a ground for rejection of plaint. If non arising cause of action is there or if non pleading of cause of action is there, in that circumstances plaint can be rejected but when cause of action is pleaded, in that circumstances,by ex–facie plain reading of plaints, that too without leading evidence it could not be said that suit is filed without cause of action.

આમ,ઉપરોકત નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં નામદાર એપેક્ષ કોર્ટે જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે ધ્યાને લેતા તેમજ વધુમા આ કામના પ્રતિવાદીએ વાદીના દાવાને કોઈ કારણ ઉત્પન્ન થયેલ ન હોવાનુ

જણાવે છે તે બાબતે ,તેમજ વાદીના દાવાને કારણ ઉભુ થયેલ નથી તે અંગે વાદીની દાવા અરજી રદ થઈ શકે કે કેમ? તે અન્વયે સી.પી.સી. ઓર્ડર.૭ રૂલ ૧૧ (એ) જોતા તેમાં વાદીને દાવો કરવાનુ કોઈ કારણ ઉત્પન થયેલ ન હોય તેનાથી વાદીનો દાવો ના મંજુર થઈ શકે તેવુ જણાવેલ નથી. પરંતુ જો વાદીએ તેમના દાવાનુ કારણ જણાવેલ ન હોય તો વાદીનો દાવો ના મંજુર થાય તેમ જણાવેલ છે જેથી વાદીના દાવાનુ પ્લીડીંગ વંચાણે લેતા તેના પેરા.૬ મા દાવો કરવાનુ કારણ વાદીએ જણાવેલ છે. જેથી વાદીની દાવા અરજીમા વાદીએ તેમના દાવાનુ કારણ જણાવેલ હોય સી.પી.સી. ઓર્ડર.૭ રૂલ ૧૧ (એ) ના પ્રબંધમા પણ વાદીનો હાલનો દાવો ના મંજુર કરી શકાય નહી તેવુ અત્રેની અદાલતનુ માનવુ છે.જેથી ઉપરોકત સમગ્ર જે કારણો પ્રતિવાદીએ તેમની હાલની અરજીમા જણાવેલ છે તે તમામ કારણો આ કામે પુરાવો લીધા સિવાય નકકી થઈ શકે તેમ ન હોય તેમજ પ્રતિવાદી તરફે પણ તેમની હાલની અરજી ની દલિલો કરવા હાજર રહેલ ન હોય, ઉપરોકત સમગ્ર ચર્ચા મુજબ પ્રતિવાદીની હાલની અરજી ટકી શકે તેમ ન હોય ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરું છું.:-

-:: હુકમ. ::-

પ્રતિવાદી તરફે કરવામાં આવેલ હાલની આંક:૧૭ ની અરજી **ના મંજુર** કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ તા.:૦૬ઠી,માહે:ઓગષ્ટ,સને: ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ.:કડી.
તા.: ૦૬/૦૮/૨૦૨૧.

(વાલજીભાઈ શાંમજીભાઈ પટેલ.)
ત્રીજા.અધિક સિનિયર સીવીલ જજ,કડી.
કોડનં.જીજે૦૧૪૮૪.